## મહેરબાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં મુ. પોરબંદર.

---

ફરિયાદી : શ્રી સરકાર

વિ રૂ દ્ધ

આરોપીઓ : (૧) મુકેશ દેવાયતભાઇ મોરી

(૨) ભરતસિંહ મનુભા જેઠવા

(૩) રામા ઉર્ફે ભભન પાંચાભાઇ કટારા

(૪) ભીખુ જીવાભાઇ મકવાણા

ગુન્હો : જુગાર ધારાની કલમ ૧૨ મુજબ...

### –:: <u>ચુકાદો</u> ::–

**(૧)** ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ સામે જુગાર ધારાની કલમ ૧૨ મુજબનું ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાતરી કરેલ છે.

**(૩)** આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થતાં આરોપીઓ તરફથી કબુલાત પુરશીશ રજુ કરી આ તેમનો પ્રથમ ગુન્હો હોય અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુન્હો કરશે નહી તેવી ખાતરી આપી, ઓછો દંડ કરવા રજુઆત કરતા આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીઓએ ગુન્હાની કબુલાત કરેલ છે.

**(૪)** આરોપીઓ ખરેખર તેમની સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોવાની ખાતરી કરવામાં આવેલ છે.

**(૫)** આ કામે આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુન્હાનું તહોમત છે. આરોપીઓ મજુરી કરી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરે છે. આરોપીઓનો પ્રથમ ગુન્હો છે અને આરોપીઓ ભવિષ્યમાં આવો

ગુન્હો કરશે નહી તેવી ખાતરી આપે છે. આરોપીઓની આર્થિક, સામાજીક સ્થિતી તથા આરોપીઓની કૌટુંબીક જવાબદારી ધ્યાને લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુન્હા બદલ રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસ્સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબ્જે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નીયમ અનુસાર નીકાલ કરવો તથા કબ્જે લેવામાં આવેલ તમામ રોકડ રકમ રાજ્યસાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર.**

**કુનાલ રાજેશભાઇ રાઠોડ**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર.**
**(કોડ નં. જી.જે.૧૧૨૯)**